અપીલ અરજી નં.૧૭૧ તા.૧૫–૭ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૪–૬–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧)ન વાંધા પ્રમાણપત્ર ૨૦૭ તા.૧૭–૪–૦૬(સામેલ છે) જે જગ્યાએ ટાવર લગાવેલ છે તે સ્કુલ છે અને ત્યાં હજારો વિદ્યાર્થીઓ ભણે છે છતાં આ ભારેખમ ટાવર બાબતે શ.વિ.અ. ધ્વારા વિદ્યાર્થીઓની જીંદગી વિશે વિચાર્યા વગર જે કાયદાઓ નિતીનિયમોને ધ્યાને રાખી ન રાખી આ પ્રમાણપત્ર આપેલ છે તેની સંપૂર્ણ માહિતી આ વાંધો ન લીધો તેના કારણો સહિતની માહિતી વિ.મુદ્દા નં. (૧) થી (૭) ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૫–૭–૧૧ ની **SMC/FAP/** નં.૧૭૧/૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૪–૬–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧)ન વાંધા પ્રમાણપત્ર ૨૦૭ તા.૧૭–૪–૦૬ (સામેલ છે) જે જગ્યાએ ટાવર લગાવેલ છે તે સ્કુલ છે અને ત્યાં હજારો વિદ્યાર્થીઓ ભણે છે છતાં આ ભારેખમ ટાવર બાબતે શ.વિ.અ. ધ્વારા વિદ્યાર્થીઓની જીંદગી વિશે વિચાર્યા વગર જે કાયદાઓ નિતીનિયમોને ધ્યાને રાખી ન રાખી આ પ્રમાણપત્ર આપેલ છે તેની સંપૂર્ણ માહિતી આ વાંધો ન લીધો તેના કારણો સહિતની માહિતી વિ.મુદ્દા નં. (૧) થી (૭) ની માહિતી આપવા બાબતે માંગ્યા મુજબની માહિતી મળી ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૫– ૭ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા અરજી પૈકી તેમને કયા મુદ્દા સ્પર્શે છે તે જણાવવા તથા તે અંગે અપીલના મુદ્દાઓ ટાવર બાબતે દફતરી વિગતો સ્પષ્ટ કરવા આરટીઆઈ સેલ /૫૩૨ તા. ૨૬–૭–૧૧થી પાઠવવામાં આવેલ પત્ર જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. ટી.ડી.ઓ./ ૨૨ તા . ૫–૮–૧૧થી પુરક વિગતોમાં નોધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન./ આરટીઆઈ / જાવક / ૩૮૫/ તા. ૧૫–૬–૧૧થી ટાઉન પ્લાનર ( મધ્યસ્થ શહેર વિકાસ) ,કાર્યપાલક ઈજનેર ઉધનાઝોન અને રાંદેર ઝોનને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, ન વાંધા પ્રમાણપત્રની ટી.ડી.ઓ. / ૨૦૭ તા. ૧૭–૪–૦૬ની નકલ , નગરનિયોજક મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પત્ર નં. ટી.ડી.ઓ. /૧૧૪ તા. ૨૩–૬–૧૧થી કાર્યપાલક ઈજનેર ઉધનાઝોનને તબદીલ કર્યા અંગેની નકલ ,ઉધનાઝોન તરફથી પત્ર નં. સા.ઝોન/ ટેક / ૧૯૧ તા. ૨૪–૬–૧૧થી ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ કર્યા અંગેની નકલ, ડે.કમિ.(પી એન્ડ ડી) તરફથી મુદ્દા નં.૫ અંગે પત્ર નં. ટી.ડી.ઓ. / ૧૨૮ તા. ૦૨–૦૭–૧૧થી આપેલ માહિતીના પત્રની નકલ તથા એકટ નોલેજમેન્ટ સ્લીપની નકલ ,નગરનિયોજક મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પત્ર નં. ૧૨૯ તા ૨–૭–૧૧થી મુદ્દા નં.૧ થી ૪ , ૬ અને ૭ મુદ્દા અંગે કાર્યપાલક ઈજનેર ઉધનાઝોનને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે ઉધનાઝોન તરફથી કોઈ પુરક વિગતો અત્રે મળેલ નથી પરંતુ જાહેર માહિતી અધિકારીએ અરજદારને આપેલી માહિતી અરજદારે રજુ કરેલ પત્ર નં. સા.ઝોન / ટેક / ૧૯૭ તા. ૨૮–૬–૧૧ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૧૪–૬–૧૧થી અરજીથી ન વાંધા પ્રમાણપત્ર/ ૨૦૭ તા.૧૭–૪–૦૬ બાબતે મુદ્દા નં. (૧) થી (૭) ની માહિતી માંગતી અરજી ડે.કમિ.(પી એન્ડ ડી) અને મધ્યસ્થ શહેર વિકાસને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/ આરટીઆઈ / જાવક/ ૩૮૫ તા. ૧૫–૬–૧૧ થી ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસ અને કાર્યપાલક ઈજનેર ઉધનાઝોન તથા રાંદેરઝોનને તબદીલ કરવામાં આવેલ, નગર નિયોજક મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પત્ર નં. ટી.ડી.ઓ. ૧૧૪ તા. ૨૩–૬–૧૧થી કાર્યપાલક ઈજનેર ઉધનાઝોનને તબદીલ કરવામાં આવેલ, ઉધનાઝોન તરફથી પત્ર નં. સા.ઝોન./૧૯૧ તા. ૨૪–૬–૧૧થી ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસ તબદીલ કરવામાં આવેલ નગર નિયોજક મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પુનઃ પત્ર નં. ટી.ડી.ઓ./ તા ૨–૭–૧૧થી મુદ્દા નં.(૧)થી (૪) અને (૬) , (૭) માટે કાર્યપાલક ઈજનેર ઉધનાઝોનને તબદીલ કરવામાં આવેલ ઉધનાઝોન તરફથી પત્ર નં. સા.ઝોન. / ટેક / ૧૯૭ તા. ૨૮–૬–૧૧થી મુદ્દા નં.(૫) અંગે અરજીમાં જણાવેલ પ્રશ્નવાળી મિલ્કતમાં ઉધનાઝોન ખાતેથી કોઈ વિકાસ પરવાનગી આપવામાં આવેલ નથી તેવું જણાવેલ. ડે.કમિ.(પી એન્ડ ડી) અને જાહેર માહિતી અધિકારી પત્ર નં. ટી.ડી.ઓ./૧૨૮ તા. ૨–૭–૧૧થી મુદ્દા નં.૫ અંગે અરજદારને માહિતી આપવામાં આવેલ. જે બાબતે પત્ર નં. ટી.ડી.ઓ./૧૧૪ તા. ૨૩–૬–૧૧ અને પત્ર નં. ટી.ડી.ઓ. /૧૨૮ તા. ૨–૭–૧૧ પત્ર નં. સા.ઝોન./ ટેક/ ૧૯૧ તા .૨૪–૬–૧૧ અને પત્ર નં. સા.ઝોન/ટેક ૧૯૭ તા. ૨૮–૬–૧૧ નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા

પ્રતિભાવથી નારાજ થઈ તા. ૧૫–૭–૧૧થી અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે ટી.ડી.ઓ. ધ્વારા ઉધનાઝોન અને ઉધનાઝોન ધ્વારા ટી.ડી.ઓ.ને અરજી તબદીલ કરવામાં આવેલ છે પરંતુ માંગેલા મુદ્દા (૭) ની માહિતી મળેલ નથી તેવી રજુઆત કરેલ છે. અરજદારની અરજીના મુદ્દા નં.(૧) ન વાંધા પ્રમાણપત્ર ૨૦૭ તા.૧૭–૪–૦૬(સામેલ છે) જે જગ્યાએ ટાવર લગાવેલ છે તે સ્કુલ છે અને ત્યાં હજારો વિદ્યાર્થીઓ ભણે છે છતાં આ ભારેખમ ટાવર બાબતે શ.વિ.અ. ધ્વારા વિદ્યાર્થીઓની જીંદગી વિશે વિચાર્યા વગર જે કાયદાઓ નિતીનિયમોને ધ્યાને રાખી ન રાખી આ પ્રમાણપત્ર આપેલ છે તેની સંપૂર્ણ માહિતી આ વાંધો ન લીધો તેના કારણો સહિતની માહિતી, મુદ્દા નં.(૨) આ ટાવર લગાવવા માટેની જગ્યા મોજે પાન્ડેસરા રે.સ.નં. ૯૯,૧૦૦,૧૦૧ પૈકી સી.ઓ.પી.૨૦માં આ ટાવર સી.ઓ.પી.માં લગાવેલ હોવાથી સોસાયટી પ્રમુખનું પ્રમાણપત્ર તથા ગુ.હા.બોર્ડના કા.પા.ઈ.ધ્વારા પરવાનગી લીધી ન લીધી તેની સંપૂર્ણ માહિતી તથા આ મુદ્દાઓને શ.વિ.અ. કે એસ.પટેલે ધ્યાનમાં લીધા ન લીધા વગેરેની સંપૂર્ણ માહિતી, મુદ્દા નં.(૩) રિલાયન્સ ઈન્ફોકોમ લીમીટેડ ધ્વારા આ હજારો વિદ્યાર્થીઓનો જીવ જોખમમાં મુકી સ્કુલ ઉપર ટાવર લગાવવા માટેનું આ પ્રમાણપત્ર આપવા બદલ મ.શ.વિ.અ.શ્રી કે.એસ.પટેલ ધ્વારા જેટલા રૂપિયા જે તારીખે રૂસ્વતપેટે લીધા હોય કટકી કરી હોય તેની સંપૂર્ણ માહિતી ,વિદ્યાર્થીઓની કાળજી ન લીધી વાંધો ન લીધો તેના કારણો સહિતની સંપૂર્ણ માહિતી , મુદ્દા નં.(૪) આ ન વાંધા પ્રમાણપત્રમાં ટાવર સહિતના એવું બોલપેનથી લખેલ છે જેની સંપૂર્ણ માહિતી, મુદ્દા નં.(૫) આ બિલ્ડીંગ સ્કુલ તથા રે.સ.નં. ૯૯,૧૦૦,૧૦૧ના બાંધકામની કાયદેસરતા, રજાચિઠ્ઠી , પરવાનગી વગેરેની સંપૂર્ણ માહિતી (સીઓપીની કાયદેસરતા) સહિત, તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી ઉધનાઝોન ખાતેથી પત્ર નં. સાઝોન / ટેક/ ૧૯૮ તા. ૨૭–૬–૧૧થી અરજીમાં જણાવેલ પ્રશ્નવાળી મિલ્કતમાં ઉધનાઝોન ખાતેથી કોઈ વિકાસ પરવાનગી આપવામાં આવેલ નથી તેવું જણાવે છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ તરફથી મોજે પાન્ડેસરા હાઉસીંગ બોર્ડ રે.સ.નં.૯૯,૧૦૦,૧૦૧ ઓપન પ્લોટ ૨૦વાળી મિલ્કતમાં સ્કુલ બિલ્ડીંગના બાંધકામની પરવાનગી ટી.ડી./ડીપી/૧૨ તા. ૧૫–૯–૦૫થી આપવામાં આવેલ છે. જે મંજુર પ્લાનમાં માંગ્યા મુજબની સંપૂર્ણ વિગતો દર્શાવવામાં આવેલ હોય જે પ્લાનની નકલો મેળવવા રૂ.૩૫૦/– ભરપાઈ કર્યેથી મળી શકશે.તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૬) ન વાંધા પ્રમાણપત્રમાં શરત નં. ૪માં જણાવ્યા મુજબના અલગવેરા વસુલ કર્યા હોય ન હોય તે તથા ન વાંધા માટે જે અરજી આવી હોય તે નકલ સહિતની સંપૂર્ણ માહિતી આપવી, મુદ્દા નં.(૭) આ ટાવર બાબતે વૈજ્ઞાનિક દ્રષ્ટિએ તેના કિરણોથી વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યને નુકસાન થાય અથવા આ ટાવર પડી જાય તુટી જાય તો વિદ્યાર્થીઓને નુકસાન ઈજા કે મરણ થાય તો જેની જવાબદારી બનતી હોય તે તેના નામ, હોદ્દા અને સરનામાં સહિતની માહિતી આપવી.

આમ અરજદારને બન્ને જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં. (૫)ની વિગતો આપવામાં આવેલ છે. આ સિવાયની કોઈ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પુરી પાડવામાં આવેલ નથી. જે અંગે બાકીના મુદ્દાઓ અંગે નગર નિયોજક અને મદદનીશ જાહેર માહિતી અધિકારી તરફથી છેલ્લે પત્ર નં. ટીડીઓ /૧૨૯ તા. ૨–૭–૧૧થી કાર્યપાલક ઈજનેર ઉધનાઝોનને મુદ્દા નં.૧ થી ૪, ૬ તથા ૭ માટે તબદીલ કરવામાં આવેલ છે. ઉધનાઝોન તરફથી આ અંગે કોઈ માહિતી અરજદારને પુરી પાડવામાં આવેલ નથી.કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ના અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. અત્રે એ પણ સૂચક છે કે સેન્ટ્રલઝોન તરફથી સમય અવધિમાં તબદીલ કરેલ અરજીના મુદ્દા નં.૫ નો પ્રત્યુત્તર જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ કક્ષાએથી તા.૨૭–૬–૧૧ થી દસ્તાવેજ ફી ભરપાઈ કરી માહિતી મેળવી લેવા જણાવેલ છે. તે ધ્યાને લેતાં લાગત માહિતીનું દફતર તેટલા પૂરતું તેમની કક્ષાએ હોવા છતાં તા.૨૩–૬–૧૧ થી ઉધનાઝોનને બિન જરૂરી તબદીલ કરેલ જણાય છે.

વધુમાં અરજદારે અરજી સાથે રજૂ કરેલ ટીડીઓ/૨૦૭ તા.૧૭–૪–૦૬ નું ન વાંધા પ્રમાણપત્ર શહેર વિકાસ અધિકારી કક્ષાએથી ઈસ્યુ થયેલ છે તે ધ્યાને લેતાં આ ન વાંધા પ્રમાણપત્ર ઈસ્યુ કરવા સંબધિત માહિતીના મુદ્દા નં. જેવા કે, (૧) જે કાયદા નિતિ નિયમો ધ્યાને રાખેલ ન રાખી આપેલ છે કે કેમ? (૨) પ્રમાણપત્ર આપતી વેળાએ સોસા.ના પ્રમુખ કે ગુ.હા. બોર્ડના પ્રમાણપત્ર કે પરવાનગી ધ્યાને લીધેલ છે કે કેમ? (૩) વિદ્યાર્થીની કાળજી બાબત ધ્યાને લીધેલ છે કે કેમ? (૪) ટાવર સહિત બોલપેનથી પ્રમાણપત્ર લખેલ છે તે અંગેની માહિતી સ્વભાવિકપણે પ્રમાણપત્ર ઈસ્યુ કરનાર ખાતાના જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ઉપલબ્ધ દફતરી વિગતે આપવા પાત્ર થાય. તેમ છતાં મુદ્દા નં.૧ થી ૪ માટે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ કક્ષાએથી વિલંબથી થયેલ તબદીલી, આરટીઆઈ કાયદાની ભાવના અને હાર્દ સાથે સુસંગત નથી.

## હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૧૪/૬/૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૫ સિવાયની નહીં પુરી પડાયેલ મુદ્દા નં.૬ અને ૭ ની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પુરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવેલ છે.

મુદ્દા નં. ૫ની માહિતી માટે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી સમય અવધિમાં ફી ભરી માહિતી મેળવવા કરેલ પ્રસ્તાવ ધ્યાને લેતાં અરજદાર તેમ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

જયારે ફરીયાદની હકીકતમાં નિર્દિષ્ટ વિગતે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ કક્ષાએથી આપવા પાત્ર થાય પરંતુ નહીં અપાયેલ તેવી માહિતી દફતરી વિગતે આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ વિભાગ) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ